# મુખ્ય ચૂંટણી કમિશનર સામે CJP દેશવ્યાપી વિરોધ કરશે

**CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે આજે મુંબઈના શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શન**

**દેશના** વિવિધ શહેરો, રાજ્યોમાં દેખાવો પછી ઓક્ટોબરના અંતથી જંતર મંતર ખાતે આંદોલન શરૂ થશે

**છઠ્ઠી** ઓક્ટોબરના વિપક્ષના દેખાવોમાં સીજેપી નહીં જોડાય, અલગ લડત ચલાવશે



**મુંબઈ, તા. 1:** કોકરોચ જનતા પાર્ટી(CJP)ના સ્થાપક અભિજીત દીપ્કેએ ગુરુવારે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી અને જો તેઓ પદ પરથી હટી ન જાય તો સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શન બાદ ઓક્ટોબરના અંત સમયેથી દિલ્હીના જંતર મંતર ખાતે આંદોલન શરૂ કરવાની ચીમકી આપી હતી.

દીપ્કેએ એમ પણ કહ્યું હતું કે CJP છઠ્ઠી ઓક્ટોબરે ચૂંટણી પંચ સામે વિપક્ષના વિરોધ પ્રદર્શનમાં જોડાશે નહીં અને એક સ્વતંત્ર ચળવળ તરીકે જ રહેશે. જો કે તેમણે ઈન્ડિયા ગઠબંધનના પ્રયાસની પ્રશંસા કરી હતી. મુંબઈ પ્રેસ ક્લબમાં વાતચીત દરમિયાન તેમણે કહ્યું હતું કે CECના રાજીનામાની માંગ સાથે CJP બીજી ઓક્ટોબરે શહેરના દાદર વિસ્તારમાં આવેલા શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કરશે. "જ્ઞાનેશ કુમાર દેશદ્રોહી છે. જ્યાં સુધી તેઓ પોતાના પદ પરથી રાજીનામું નહીં આપે ત્યાં સુધી અમે જંતર મંતરથી હટીશું

...અનુસંધાન પાના 13 પર

## ફ્રાન્સમાં વિદ્યાર્થી આંદોલન હિંસક બન્યું: અનેક શહેરોમાં તોફાનો

**એક** શાળાને આગ ચંપાઇ, શિક્ષકો પર પણ હુમલા, ૬૦૦ની અટકાયત

પેરિસ, તા. ૧: ફ્રાન્સમાં વિદ્યાર્થીઓનું પ્રદર્શન વ્યાપક રમખાણોમાં ફેરવાઇ ગયું છે, જેમાં શાળાઓને આગ ચાંપવામાં આવી છે તથા શિક્ષકો પર હુમલાના બનાવો પણ બન્યા છે.

શિક્ષણની કથળતી સ્થિતિ સામે શરૂઆતમાં થયેલા મોટાભાગના શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો હિંસક અરાજકતામાં ફેરવાઇ ગયા બાદ તોફાનીઓએ દેશના અગ્રણી શહેરોમાં ઉત્પાત મચાવ્યો છે. ગેરહાજર રહેતા






શિક્ષકોની જગ્યાએ નવા શિક્ષકોની નિમણૂક, શૈક્ષણિક સંસાધનોમાં વધારો, શાળાઓનું નવીનીકરણ અને 'યોગ્ય' શિક્ષણ પરિસ્થિતિઓની માંગ સાથે વિદ્યાર્થીઓ અને શિક્ષણ સ્ટાફ ગયા સોમવારે ફ્રાન્સના શહેરો અને નગરોના રસ્તાઓ

...અનુસંધાન પાના 17 પર

## હીરો પાયલોટ સ્મિત મછાર પર દેશવિદેશમાંથી પ્રશંસાનો વરસાદ

**રાષ્ટ્રપતિ,** વડાપ્રધાન સહિત દેશના અનેક નેતાઓએ કેપ્ટન મછારના મોં-ફાટ વખાણ કર્યા

**અમેરિકી** પ્રમુખ ટ્રમ્પ, ઇઝરાયેલના વડાપ્રધાન તથા ઇઝરાયેલના નેતાઓ અને નાગરિકોએ પણ પ્રશંસા કરી

**મુંબઇમાં** મછારના ઘરની બહાર લોકોની ભીડ જામી, શૌર્ય એવોર્ડની માગણીઓ થઇ

**નવી દિલ્હી, તા. 1 :** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અગ્રણી કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓએ, દેશના નેતાઓ તથા અન્ય દેશોના પણ વિવિધ ગુરુવારે એ ભારતીય પાયલટની પ્રશંસા કરી હતી, જેણે ફ્લાયદુબઈ ફ્લાઈટને ક્રેશ કરવાના સહ-પાયલટના કથિત પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. તેમણે ઉમેર્યું કે દેશને તેમની વીરતા પર ગર્વ છે, જેના કારણે સેંકડો લોકોના જીવ બચ્યા અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ.

મોદીએ કહ્યું કે સ્મિત મછાર "એક હીરો" છે અને તેમણે ૯/૧૧ જેવી ટ્રેજેડી ટાળી દીધી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે દેશ તેમની અસાધારણ હિંમત પર ખૂબ ગર્વ અનુભવે છે, જ્યારે કોંગ્રેસના પ્રમુખ

...અનુસંધાન પાના 17 પર

### ગુજરાતી પાઇલટને વધુ સારવાર માટે સાઉદીથી દુબઇ ખસેડાયા

**દુબઈ, તા. ૧ (PTI):** 'ફ્લાયદુબઈ' વિમાનને ક્રેશ કરવાના સહ-પાઇલટના પ્રયાસને નિષ્ફળ બનાવનાર ભારતીય પાઇલટ કેપ્ટન સ્મિત મચ્છારને વધુ સારવાર માટે એરલિફ્ટ કરીને દુબઈ લઈ જવામાં આવ્યા છે. બુધવારે સ્મિત મચ્છારને ઉત્તર-પશ્ચિમ સાઉદી અરેબિયાના તબૂક શહેરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. યુએઈમાં ભારતીય દૂતાવાસે ગુરુવારે જણાવ્યું હતું કે, "ફ્લાયદુબઈની ફ્લાઇટને

...અનુસંધાન પાના 17 પર

## ૯મા ધોરણથી જ દેશના બાળકો શીખશે ઇન્કમ ટેક્સની ગણતરી

**NCERT** ના નવા પુસ્તક 'અંડરસ્ટેન્ડિંગ સોસાયટી-Part 2'માં મેનેજિંગ યોર પર્સનલ ફાઇનાન્સિસ' પ્રકરણ

**ફક્ત** નવી કર વ્યવસ્થા વિશે જ ઉલ્લેખ કરાયો

**નવી દિલ્હી, તા. 1 (PTI)** - નાગરિકોની એક મહત્ત્વપૂર્ણ જવાબદારી તરીકે પ્રમાણિકપણે કર ચૂકવવાનો નાગરિક સંદેશ આપીને એનસીઈઆરટી દ્વારા વ્યક્તિગત આવકવેરાને ધોરણ 9ના અભ્યાસક્રમનો ભાગ બનાવવામાં આવ્યો છે.

નવા શૈક્ષણિક સત્રના છ મહિના પછી મંગળવારના રોજ "અંડરસ્ટેન્ડિંગ સોસાયટી ઈન્ડિયા એન્ડ બિયોન્ડ-પાર્ટ 2" નામનું પુસ્તક બહાર પાડવામાં આવ્યું હતું. આ પાઠ્યપુસ્તકનો પહેલો ભાગ જૂન મહિનામાં બહાર પાડવામાં આવ્યો હતો.

એનસીઈઆરટીના વડા દિનેશ પ્રસાદ સકલાનીના જણાવ્યા અનુસાર, આ વય જૂથ (ધોરણ 9)

...અનુસંધાન પાના 13 પર

## GSTની વસૂલાત ૧૫ ટકા વધીને રૂપિયા ૨.૦૩ લાખ કરોડ થઇ

**ચાલુ** નાણાકીય વર્ષમાં રૂ. ૨ લાખ કરોડથી વધુ વસૂલાતવાળો સપ્ટેમ્બર ત્રીજો મહિનો

**નવી દિલ્હી, તા. 1 (PTI):** સત્તાવાર સરકારી ડેટા અનુસાર, સ્થાનિક વપરાશ અને આયાતમાંથી મળતી આવકમાં મજબૂત વૃદ્ધિને કારણે સપ્ટેમ્બર મહિનામાં ગ્રોસ જીએસટી કલેક્શન ૧૪.૭ ટકા વધીને રૂ. ૨.૦૩ લાખ કરોડથી વધુ થયું છે.

ડેટા દર્શાવે છે કે, સ્થાનિક પ્રવૃત્તિઓમાંથી ગ્રોસ જીએસટી કલેક્શન ૧૦.૧ ટકા વધીને આશરે રૂ. ૧.૩૮ લાખ કરોડ થયું છે, જ્યારે આયાતમાંથી મળતી આવક ૨૬ ટકા વધીને રૂ. ૬૫,૫૨૫ કરોડ થઈ છે. જો કે, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રિફંડમાં ઘટાડો જોવા મળ્યો છે. સપ્ટેમ્રમાં રિફંડ ૩ ટકા ઘટીને રૂ. ૨૭,૦૦૧ કરોડ રહ્યું હતું. રિફંડનું સમાયોજન કર્યા પછી, સપ્ટેમ્બરમાં નેટ જીએસટી કલેક્શન ૧૮.૧ ટકા વધીને રૂ. ૧.૭૬ લાખ કરોડથી વધુ થયું છે.

ચાલુ નાણાકીય વર્ષમાં આ ત્રીજો મહિનો છે જ્યારે જીએસટી કલેક્શન રૂ. ૨ લાખ કરોડને પાર પહોંચ્યું છે. આ પહેલાં એપ્રિલ અને જુલાઈમાં જીએસટી આવક અનુક્રમે આશરે રૂ. ૨.૪૩ લાખ કરોડ અને રૂ. ૨.૧૧ લાખ કરોડથી વધુની રેકોર્ડ સપાટીએ પહોંચી હતી.

નાણાકીય વર્ષના પ્રથમ અડધા ભાગ દરમિયાન, ગ્રોસ જીએસટી કલેક્શન ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૨.૪૬ લાખ કરોડથી વધુ થયું છે. જ્યારે નેટ કલેક્શન ૧૦.૪ ટકા વધીને રૂ. ૧૦.૬૬ લાખ કરોડથી વધુ નોંધાયું છે. ઈવાય ઈન્ડિયા ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે, ટેક્સ કલેક્શનમાં આ વૃદ્ધિ વ્યાપક સ્તરે જોવા મળી છે, જેમાં ઉત્તર પ્રદેશ, તેલંગાણા, ગુજરાત અને કર્ણાટકમાં ૧૬ થી ૧૮ ટકાનો

...અનુસંધાન પાના 13 પર

## મતદાર યાદી મુદ્દે ચૂંટણી પંચને બોમ્બે હાઈકોર્ટની ફટકાર

**પણજી, ૧ (PTI):** બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ચૂંટણી પંચની પ્રાથમિક કામગીરી જનાદેશ નાગરિકો પોતે મતદાન કરે તે સુનિશ્ચિત કરવાની છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે ચૂંટણી સંસ્થા મતદારોના વર્તન પર સવાલો ઉઠાવે છે, ત્યારે દાયકાઓ પછી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' જેવી કવાયત કેમ હાથ ધરવામાં આવે છે તે પૂછવાનો નાગરિકોને પણ એટલો જ અધિકાર છે.

જેમના નામ મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યા હતા તેવા એક જ પરિવારના છ સભ્યો દ્વારા દાખલ

...અનુસંધાન પાના 13 પર




## મહારાષ્ટ્રના દિવોગર બીચ પર પિક્નિકમાં ગયેલા 8 વિદ્યાર્થીઓ ડૂબ્યા

**મુંબઈ, તા. 1 (PTI):** મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના લોકપ્રિય દિવોગર દરિયાકિનારે ગુરુવારે પિક્નિક મનાવવા ગયેલા 8 વિદ્યાર્થીઓ અરબી સમુદ્રમાં ડૂબી ગયા હતા અને તમામ પીડિતોના મૃતદેહો મળી આવ્યા છે. એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, ધોરણ XI અને XIIના આ વિદ્યાર્થીઓ પુણે જિલ્લાના આલંદી સ્થિત ખાનગી ક્લાસિસ 'વિનર્સ એકેડેમી'ના ગ્રુપનો ભાગ હતા. મુંબઈથી આશરે 170 કિમી દૂર આવેલું દિવોગર તેના દરિયાકિનારા અને ઐતિહાસિક મંદિરો માટે પ્રખ્યાત છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 25 છોકરાઓ, 17 છોકરીઓ અને 6 શિક્ષકો સહિત કુલ 48 લોકોનું એક જૂથ પિક્નિક મનાવવા દીઘી કોસ્ટલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા દરિયાકિનારે ગયું હતું. અધિકારીએ ઉમેર્યું હતું કે, આઠ વિદ્યાર્થીઓ દરિયામાં નાહવા ઊતર્યા હતા અને પાણીની ઊંડાઈ તથા પ્રવાહનો અંદાજ ન લગાવી શકવાને કારણે આઠેય તણાઈ ગયા હતા.

